# તબીબી સારવારના સરકારી ઠરાવ અને આધાર

## (૧) બિનસરકારી શૈક્ષણિક સંસ્થાઓ, માધ્યમિક શાળાઓ, અધ્યાપન મંદિર, યુનિવર્સિટી અને કોલેજના કર્મચારીઓને રજા મુસાફરીના તથા મેડિકલ સવલતોના લાભ

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક : બમશ–૧૧૭૯–ખ–૫૫૩૫–ગ,

સચિવાલય, ગાંધીનગર તા. ૫ મી માર્ચ, ૧૯૮૦

**ઠરાવ :** સરકારી કર્મચારીઓને રજા મુસાફરી તથા મેડીકલ સવલતોના લાખોની સુવિધા મળે છે. તે લાભો બિનસરકારી શૈક્ષણિક સંસ્થાઓને આપવાનો પ્રશ્ન સરકારી સક્રિય વિચારણા હેઠળ હતી. સક્રિય વિચારણાને અંતે સરકારે નિર્ણય લીધો છે કે આ સુવિધાનો લાભ આવા તમામ બિનશૈક્ષણિક તથા શૈક્ષણિક કર્મચારીઓને પણ આપવો. આથી સરકાર ઠરાવે છે કે તા. ૧–૧–૮૦ ના વર્ષથી આ રજા મુસાફરીનો લાભ તા. ૧–૩–૮૦ થી મેડિકલ વળતરનો લાભ શિક્ષણ વિભાગ હેઠળ ગ્રાન્ટ મેળવતી યુનિવર્સિટી, કોલેજ, ઉચ્ચતર માધ્યમિક સહિત અને માધ્યમિશ શાળા અને અધ્યાપન મંદિરોમાં તમામ કર્મચારીઓને આ લાભ સરકારી કર્મચારીના ધોરણે મળી શકશે.

૨. આ વિષયમાં સરકારી કર્મચારીઓને મળતા લાભોના નિયમોમાં જે સુધારા થશે તે પણ તેઓને આપોઆપ લાગુ પડશે.

૩. આ અંગેનુ જે ખરેખર ખર્ચ થાય તેટલી કમ ગ્રાન્ટ–ઈન–એઈડ તરીકે તે સંસ્થાઓને આપવામાં આવશે.

૪. રજા મુસાફરીના લાભનો બ્લોક ૧૯૮૦–૮૧ થી શરૂ એટલે કે ૧૯૮૦ તથા ૧૯૮૧ ના વર્ષનો એક બ્લોક પ્રથામ બ્લોક રહેશે.

૫. આ હુકમો શિક્ષણ વિભાગની ફાઈલ ક્રમાંક : બમશ–૧૧૭૯–ખ–૨૨૦૩ગ ઉપર નાણાં વિભાગની સંમતિ તા. ૧૫–૨–૮૦ ના રોજ મેળવી રવાના કરવામાં આવે છે.

૬. આ અંગેની વિગતવાર સૂચનાઓ જિલ્લા શિક્ષણાધિકારી તરફથી જે તે સંસ્થાઓને કરવામાં આવે ગુજરાત ના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી) ચં.મો. કોઠારી

સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ